**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરમાં પર્યાવરણની સમતુલા જાળવવાના ઉપાયો

## વિકાસના કામોના લીધે વૃક્ષોમાં થતો ઘટાડો, એરકન્ડીશનનો ઉપયોગ, વાહનોનો વધારો, વૃક્ષ છેદન કરી બનતા બિલ્ડીંગ વગેરે પરિબળો પર્યાવરણને વધુ અસર કરી રહ્યા છે

**શહેરમાં પર્યાવરણ દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. ગ્રીન સીટી કહેવાતા ગાંધીનગરને હવે ગ્રીનસીટીમાં ગણાવવા માટે પ્રદુષણ મુક્ત અને વધુ વૃક્ષો ધરાવતું કરવાની જરુર પડી છે ત્યારે શહેરના પર્યાવરણ પ્રેમીઓ પાસેથી તેમના મંતવ્યો જાણીએ.**

**● હરેશ વંકાણી**



ગાંધીનગરમાં પર્યાવરણ જાળવવા મારા મત પ્રમાણે પહેલા સમસ્યા જાણીએ તો વિકાસના કામો જેવા કે રસ્તા, બિલ્ડીંગ, નહેર, રેલ્વે, ઉદ્યોગના લીધે વૃક્ષોમાં ઘટાડો થઈ રહ્યો છે, ઔદ્યોગીકરણ, થર્મલપાવર દ્વારા વિદ્યુતનું ઉત્પાદન, એરકન્ડીશનના વપરાશમાં વધારો આ દરેકને લીધે શહેરની પર્યાવરણ સમસ્યા છે. આ માટે

(૧) ઉદ્યોગો, મકાન, રસ્તા, નહેર વગેરેની પરવાનગી આપતી વખતે ૨૦ ટકા જમીનમાં ફરજીયાત વૃક્ષારોપણનો કાયદો બનાવવો અને અમલીકરણ કરાવવું જોઈએ.

(૨) વૃક્ષારોપણની સફળતા માટે પ્રોત્સાહિત યોજના જેમ કે એવોર્ડ-રિવોર્ડ આપવા જોઈએ.

(૩) ખાનગી જમીન, સામુહિક જમીન, સરકારી જમીનોમાં વુક્ષ છેદન માટે કડક સજાની જોગવાઈ તથા અમલ થવો જોઈએ.

(૪) સરકાર દ્વારા સરકારી પડતર, પંચાયતી જમીન, નદીના વહેણ કાંઠે, કોતર વગેરે જમીનમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ તથા વૃક્ષો થાય ત્યાં સુધી જાળવણી કરવી ઉપરાંત ખાનગી માલિકીની જમીનોમાં પણ વૃક્ષારોપણ કરી જાળવણી કરનારને પ્રોત્સાહન આપવું.

(૫) મફત તંદુરસ્ત તથા આવક આપતા રોપાઓ ગ્રામ સ્તર સુધી પહોંચાડવા.

(૬) વૃક્ષારોપણની પ્રવૃત્તિ માટે ઘનિષ્ઠ પ્રચાર-પ્રસારની કામગીરી કરવી.

(૭) પેટ્રોલિયમ પેદાશના ઉપયોગ વાળા વાહનોનો ઉપયોગ ટાળી ઈલેક્ટ્રીક વાહનો તથા સાઈકલનો ઉપયોગ વધારવો.

(૮) એસીનો ઉપયોગ ઘટાડવો, પુરતા હવા ઉજાશ વાળા મકાનો બાંધીએ, બારી બારણા ઉપર ખસ પટ્ટીનો ઉપયોગ કરીએ.

(૯) વસ્તી નિયંત્રણની નીતિ ઘડીએ તથા નીતિનો અમલ કરનારને પ્રોત્સાહિત કરવાની યોજના લાગુ કરીએ. છેલ્લા જણાવતા દુઃખ થાય છે કે એ સમય દૂર નથી કે આપણા જીવવા માટે ઓકિસજનના બાટલા ખભા પાછળ લટકાવવાની જરૂર પડશે.

**● મીલી ટાટરીઆ**



(૧) વર્તમાન સમયની સૌથી ચિંતાજનક સમસ્યાઓમાંથી એક સમસ્યા પર્યાવરણ પ્રદુષણની છે અને જેના કારણે અનેક પ્રકારની વિપરિત પરિસ્થિતિઓ સર્જાય છે.

(૨) પર્યાવરણ પ્રદુષણમાં ઘણા પરિબળો ભાગ ભજવે છે જેમાં પ્લાસ્ટિક બેઝ્ડ સેનેટરી નેપકીન્સ જેનું વિઘટન થતા આશરે છસ્સોથી આઠસો વર્ષ લાગે છે.

(૩) નેશનલ ફેમીલી હેલ્થ સર્વે અનુસાર ગ્રામીણ વિસ્તારની સ્ત્રીઓ ૪૮ ટકા અને ૭૭ ટકા શહેરી વિસ્તારની સ્ત્રીઓ આનો ઉપયોગ કરે છે અને જેનો નિકાલ ઘરગથ્થુ કચરા સાથે કરવામાં આવે છે જે ફકત જમીન પ્રદુષણ નહીં પરંતુ ઈન્ફેકશન પણ ફેલાવે છે તે અંગે કામગીરી કરવી જોઈએ.

(૪) વૃક્ષોનું વધુમાં વધુ વાવેતર કરવું જોઈએ અને સાથે જતન પણ કરવું જોઈએ

(૫) વિવિધ યોજનાઓ બનાવી શહેરના યંગ ગ્રુપને આ માટે સજાગ કરવા જોઈએ.

**● હરદીપસિંહ જાડેજા**

(૧) ઘરની આજુબાજુ ખુલ્લા પેસેજમાં ઝાડ વાવવા જોઈએ.

(૨) ઘરમાં થતો પ્લાસ્ટિકનો કચરો એવોઈડ કરવો.



(૩) કચરાને ખાતર બનાવી ઘરના જ કુંડાના છોડમાં ઉપયોગ કરવો.

(૪) બને ત્યાં સુધી ઈલેકટ્રીસીટીનો ઓછો ઉપયોગ કરવો સામે સોલર પ્લાન્ટનો ઉપયોગ વધારવો. પહેલા કોસ્ટલી પડી શકે પરંતુ પછીથી રીન્યુએબલ એનર્જી મળી રહેશે.

(૫) બને ત્યાં સુધી પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવો.

(૬) નાના મોટા કચરાનો નિકાલ યોગ્ય રસ્તે કરો કચરો કચરાપેટીમાં જ નાંખો.

(૭) નદીની આજુબાજુ ઝાડ વાવી શકાય જેથી નદીનું ધોવાણ અટકી જાય.

(૮) ડમ્પીંગ સાઈટની જગ્યાએ રીસાયકલ પ્લાન્ટ ઉભો કરી શકાય.

**● તુષાર દવે**



(૧) વૃક્ષ છેદન પર પ્રતિબંધ લાવવો જોઈએ.

(૨) જો વૃક્ષ છેદન થાય તો બીજી જગ્યાએ વાવવું જોઈએ.

(૩) વૃક્ષ વચ્ચે આવતા હોય તો રોડનું કન્સ્ટ્રકશન બીજી જગ્યાએથી કરવું જોઈએ.

(૪) શાળા કોલેજોમાં લોક જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ.

(૫) વૃક્ષ છાંયો આપે છે તેનું જતન કરવું જોઈએ.

(૬) ગાંધીનગરને ફરી ગ્રીનસીટીમાં નંબર લાવવો હશે તો વધુ વૃક્ષો વાવવા જ પડશે.

(૭) ઉત્સવને મહત્વ આપવા માણસે ઉત્સાહ લાવવો જોઈએ.

**● અમિતભાઈ ગોંડ**




(૧) વૃક્ષોનું વાવેતર કરતા પહેલા આસપાસના એરિયામાં ઘાસનું વાવેતર કરવું જોઈએ જેથી ગ્રેઝીંગ કરનારા પ્રાણીઓને એંઠવાડ ખાવા જવું ન પડે.

(૨) એક છોડ ૧૦૦ ઘાસના બીજ ઉત્પન્ન કરી શકે છે અને ૧૦૦ ગણું ઘાસ બીજા વર્ષે આપે છે. અને ઘાસ હોય તો પશુઓ વૃક્ષોના પાન પણ નહીં ખાય.

(૩) ગાંધીનગરના રોડ બનાવતાની સાથે આજુ બાજુ ફૂટપાથ બનાવી જેને કારણે લાખો વૃક્ષોનું છેદન થયું જે અટકાવવું જોઈએ.

(૪) ફૂલોમાં કરણ, બારમાસી, બોગનવેલનું પર્યાવરણમાં કોઈ પ્રદાન નથી તેની જગ્યાએ કામ લાગે તેવા છોડ વાવવા જોઈએ.

**● ચૈતન્ય નિમાવત**



(૧) વૃક્ષો કાપવા ન જોઈએ. ફૂટપાથનું કન્સ્ટ્રકશન એ રીતે કરો કે ઝાડ વચ્ચે જ ન આવે.

(૨) દરેકે પોતાના ઘર પાસે વૃક્ષો વાવવા જોઈએ.

(૩) પ્લાસ્ટિક અને પાણીનો બેફામ ઉપયોગ બંધ કરવો જોઈએ.

(૪) એસી અંદર રૂમમાં ઠંડક આપે છે પરંતુ બહાર વાતાવરણમાં ગરમાવો કરે છે જેથી અનિવાર્ય હોય તેટલો જ એસીનો ઉપયોગ કરવો.

(૫) ટ્રાફિક જંકશન પર પોતાના વાહન બંધ કરવા જેથી પ્રદુષણ ન થાય અને હીટ પણ જનરેટ ન થાય.

(૬) પર્યાવરણને બચાવવાનું કાર્ય સામુહિક પ્રયત્નોથી જ થઈ શકશે.

**● ખુમાનસિંહ વાઘેલા**

(૧) મૂળભૂત વૃક્ષોનું વાવેતર થવું જોઈએ.



(૨) આંબો, આંબલી, વડ, મોટી આંબલી જેવા વૃક્ષો લાયક વિસ્તારમાં ઉગાડવા જોઈએ.

(૩) ગરમાળો, કોડીયા, પેલ્ટ્રાફાર્મ, દુધીલો એ ઝડપથી ઉગતા વૃક્ષો છે જેને કારણે મૂળભૂત વૃક્ષોનો નાશ થાય છે.

(૪) ગાંધીનગર તાલુકા અને શહેર આજુબાજુના ગ્રામ વિસ્તારમાં જયાં ગોચર જગ્યા છે ત્યાં મૂળભૂત વૃક્ષોની વાવણી કરવી જોઈએ.

(૫) તાપમાન વધવાનું મુખ્ય કારણ ડામરના રોડ છે. ખાલી જમીનમાં વૃક્ષો વાવવા જોઈએ.

(૬) શાળા-કોલેજોમાં વૃક્ષો વાવવા જોઈએ.

**● કુસુમ સુથાર**



(૧) બને તેટલા વૃક્ષો વાવો.

(૨) બર્થ ડે લગ્ન પ્રસંગે થતા ખર્ચા સામે વૃક્ષો વાવી શકાય.

(૩) એક વૃક્ષ દર વર્ષે વાવીએ તો પણ ગાંધીનગર હરિયાળુ થઈ જાય.

(૪) ગાંધીનગરના પ્રકૃતિ ઉદ્યાનમાં આવતા મુલાકાતીઓને પણ વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહિત કરવા.

(૫) શહેરના મોટા પ્લોટ ધરાવતા ઘરોમાં પણ બહેનો દ્વારા ફળ, ફુલ તેમજ શાકભાજીના છોડ વાવી શકાય.

## સહયોગ મંડળની વાર્ષિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૫

સહયોગ મંડળની વાર્ષિક બેઠક ડૉ. ત્રિવેદીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સંસ્થાના સભ્યો દ્વારા સર્વાનુમતે વિવિધ ઠરાવ મંજૂર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૯-૨૦ માટે હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ પાંચ સલાહકારની વરણી કરવામાં આવી હતી. આ



ઉપરાંત દાન કરનાર દાનવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. હાલમાં જ સહયોગ મંડળની વાર્ષિક બેઠક યોજાઈ હતી. જેમાં સંસ્થાના સભ્યો દ્વારા સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવા હોદ્દેદારો તથા સલાહકારોની વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં સંસ્થાના સહમંત્રી ડી.એમ. પરમાર દ્વારા વર્ષ દરમિયાનની સંસ્થાની કાર્યવાહી અંગે સૌને માહિતગાર કરાયા હતા. સંસ્થાના કોષાધ્યક્ષ દિલીપસિંહ રાજપૂત દ્વારા વર્ષ દરમિયાનના હિસાબો રજૂ કરી સર્વાનુમતે મંજૂર કરાવવામાં આવ્યા હતા વર્ષ દરમિયાન દાન કરનારને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ બહેચરભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠકમાં સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્લોબલ રનીંગ ડે સેલિબ્રેશનમાં ૧૦ કીમી દોડમાં ૧૦૦ રનર્સ દોડયા

ગાંધીનગર, તા.૫

વિશ્વમાં જુનના પ્રથમ બુધવારે ગ્લોબલ રનીંગ ડે ઉજવાય છે. આખી દુનિયાના રનર્સ આ દિવસે દોડ લગાવતા હોય છે. સાયરન્સ અમદાવાદ દ્વારા વર્ચ્યુલ અને એકચુઅલ એમ બે પ્રકારની દોડ રખવામાં આવી હતી.




દુનિયાના ૨૦૦૦ રનર્સ આ બેનર હેઠળ દોડમાં જોડાયા હતા. અમદાવાદ ગોટીલા ગાર્ડન તળાવ, સિંધુભવન પાસેથી આજે અમદાવાદ-ગાંધીનગરના ૧૦૦થી વધુ રનર્સ ૧૦ કિમી અને પાંચ કિમી રનમાં જોડાયા હતા.

સવારે સાડા પાંચ વાગ્યે આ રનનું ફલેગ ઓફ કોચ રાહુલ શર્મા, મેરેથોન રનર જગત કારાણી, સંજય થોરાત અને એડીઆરના ચેરમેનના હસ્તે કરવામાં આવ્યું હતું. ગોટીલા ગાર્ડનથી રાજપથ કલબ સુધીના રૂટ પર આ રન યોજાઈ હતી. ૧૨ વર્ષના બાળકથી ૬૫ વર્ષના વરિષ્ઠ સુધી દોડવીરો જોડાયા હતા.

'બી અ ગ્લોબલ રનર' બનવા માટે સૌ સાથે દોડયા હતા. ભાગ લેનાર સૌ ફિનીશરનો મેડલ રનર્સન નામ અને કિમી લખીને આપવામાં આવ્યો હતો જે ગૌરવની બાબત હતી. ગ્લોબલ રનીંગ ડે સેલિબ્રેશનમાં બે હજાર રનર્સે એમની દોડ પૂર્ણ કર્યા બાદ એ વિગતો રનીંગ એપ્લીકેશનથી જમા કરાવી ઓનલાઈન પ્રમાણપત્ર પણ મેળવ્યું હતું.

# વાવોલની ડિફેન્સ કોલોનીમાં બંધ મકાનમાં ચોરી

## પરિવાર મરણ પ્રસંગે રાજસ્થાન ગયો હતો ત્યારે તસ્કરો મકાનમાં ઘુસીને રૂ. ૧.૪૪ લાખની મત્તા લઈ ફરાર

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. બંધ મકાનને ટાર્ગેટ કરી ઘરમાંથી ચોરી કરી પળવારમાં તસ્કરો પલાયન થઈ જાય છે. ત્યારે ન્યું ગાંધીનગર ગણાતા વાવોલ ગામની ડિફેન્સ કોલોનીના બંધ મકાનને ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું. ડિફેન્સ કોલોની ખાતે રહેતો પરિવાર મરણ પ્રસંગે બહાર ગયો હતો તે સમયે તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરી તેમજ કબાટમાંથી રોકડ, સોના-ચાંદીના દાગીના સહિત રૂ. ૧.૪૪ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સુનિલ શિવપ્રસાદ જાગીડની ફરીયાદને પગલે સે-૭ પોલીસે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.





પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાજસ્થાનના ડીંડવાણાના શિવપ્રસાદ જાગીડ (સુથાર) વાવોલ ગામમાં આવેલી ડિફેન્સ કોલોનીમાં વર્ષોથી વસવાટ કરે છે. જયારે સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા જાગીડ પરિવારની દુકાન પણ ઘરની સામેની સાઈડમાં આવી છે. જયારે વતનમાં મરણ પ્રસંગ હોવાથી શિવપ્રસાદ,પત્ની અને પુત્રવધુ ને લઈ ગત તા.૩૦ મેના રોજ રાજસ્થાન જવા માટે રવાના થયા હતા. જયારે શિવપ્રસાદનો પુત્ર સુનિલ તા.૨૨ મે થી સુરત ખાતે કામથી રોકાયો હતો. ઘરની સામે જ આવેલી દુકાનમાં કામ કરતા તેમના કારીગરે ઘરનો દરવાજો ખુલ્લો જોતા તપાસ કરતા નકુચો તુટેલી હાલતમાં હતો. જેથી તા. ૪ જુનના રોજ સવારે ૬ વાગે તેણે માલિક શિવપ્રસાદ અને સુનિલ જાગડને જાણ કરી હતી. જેને પગલે સુરતથી તાત્કાલીક કામ પૂર્ણ કરીને રાત્રે સુનિલ જોયું તો ઘરના સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. સુનિલે ઘરમાં તપાસ કરતા કબાટ અને તિજોરીમાંથી રૂ.૪૭ હજાર રોકડા, રૂ.૫૦ હજારની કિંમતનું સોનાનું મંગળસુત્ર, ૩ વીંટી, ૨ લોકેટ, ત્રણ દોરા, ચાંદીની પાયલ, કંદોરો મળી કુલ રૂ. ૧.૪૪,૫૦૦ની મત્તા ગુમ હતી. બનાવ અંગે સુનિલ જાગડે ફરીયાદને પગલે સે-૭ પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## લાકરોડા ગામની ઝાડીઓમાંથી વિદેશી દારુ સાથે એકની અટકાયત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એલસીબી પીએસઆઈ એમ.જે.શીંદે અને તેમની ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા અનુપસિંહને બાતમી મળી હતી કે લાકરોડા ગામે રહેતા રાકેશસિંહ પ્રતાપસિંહ ચાવડા પોતાના ઘરની બાજુમાં આવેલી ખરાબાની જમીનમાં ઝાડી-ઝાંખરામાં દારુ સંતાડીને છુટક વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરી રાકેશસિંહ પ્રતાપસિંહ ચાવડા રહે.ઓરડામાઢ લાકરોડા, તા.માણસા ને પકડી પાડી ઝાડી-ઝાખરામાં છુપાવીને રાખેલ વિદેશી દારુની બોટલ નં. ૮૪ તેમજ બીયરના ટીન નંગ-૪૦ કિં.રૂ. ૩૭,૬૦૦ નો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે માણસા પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

# સુઘડ પાસેથી પિસ્ટલ સાથે શખ્સને એસઓજીએ દબોચી લીધો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર સુઘડ પાસેથી એસઓજી પોલીસે પિસ્ટલ સાથે એક શખ્સને દબોચી લીધો છે. એસઓજી પોલીસે બાતમીને આધારે શખ્સને પકડી પાડી તેની પિસ્ટલ ચેક કરતા બેરલ પર ઓનલી ફોર આર્મી સપ્લાય લખેલુ હતું. આ શખ્સ પિસ્ટલ કયાંથી લાવ્યો તે અંગે એસઓજીએ પુછપરછ કરતા આરોપી જવાબ નહીં આપી શકતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ જે.જી.વાઘેલાની ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ જયરાજસિંહને સુઘડ પાટીયા પાસે બસ સ્ટેન્ડ નજીક ઉભા રહેલા શખ્સ પાસે પીસ્ટલ હોવાની બાતમી મળી હતી. જેને પગલે એસઓજીની ટીમના સભ્યોએ તેને તુરંત પકડી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા મનોજ લજ્જારામસિંગ રાઠોડ (ઉં.વ.-૨૨ રહે. પુરણપુરા, બાહ, ઉતરપ્રદેશ) હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની તપાસ કરતા તેના કમરના ભાગેથી ચાલુ હાલતમાં પીસ્ટલ મળી આવી હતી. ત્રણ જીવતા કારતુસ પર ૭.૬૫ કે.એફ. લખેલ હતું. જેને અનુલક્ષીને એસઓજી પોલીસે અડાલજ પોલીસ મથકે તેના વિરુધ્ધ હથીયાર ધારા હેઠળ ગુનો નોંધાવ્યો છે. પોલીસે આરોપીની પુછપરછ કરી તે પિસ્ટલ કયાંથી લાવ્યો હતો અને તેનો ઉપયોગ શું કરવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.



શહેરમાં એક બાજુ ૫ જુન પર્યાવરણની દિવસની ઉજવણી વૃક્ષો વાવી, પર્યાવરણ જાગૃતિ રેલી યોજી, પ્રદુષણ નિવારણ માટેના ઉપાયોના સેમિનાર યોજી કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી બાજુ સે-૨૪ જવાના રસ્તા ઉપર આ પ્લાસ્ટિકનો કચરો ગંદકી ફેલાવી રહ્યો છે. ઉપરાંત ગૌ માતા તેનું સેવન કરી રહી છે કયાં છે સ્વચ્છતા અભિયાનના કાર્યો...!!

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની માસિક બેઠક પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને વિદ્યાર્થી સન્માન સમારંભ ૨૦૧૯ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા અર્થે સાંજે ૫ કલાકે સે-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળે યોજાશે.

● મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કે. કડીકર દ્વારા ગીતાબેન લેઉઆના નિવાસસ્થાને આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સે-૩-ડી રામેશ્વર મંદિરમાં યોજાશે.

## અસ્થિ વિસર્જન સેવા અર્થે શાંતિ પ્રાર્થના યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર વસાહત મંડળ ૧૯૯૬થી નિઃશુલ્ક અસ્થિ વિસર્જનની સેવા કરી રહ્યું છે ત્યારે આવનાર તા. ૨૨ જુનો ગાંધીનગર, સરગાસણ અને દહેગામ અંતિમધામ ખાતે તા. ૧૦ માર્ચથી ૮ જુન સુધીમાં અવસાન પામેલ સ્વજનોના અસ્થિનું વિસર્જન હરિદ્વાર ગંગા તટે કરવામાં આવશે. સંસ્થાના સભ્ય શશીકાંત મોઢા અને મુકેશભાઈ શુકલા દ્વારા તા. ૧૧ જુનના રોજ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન હરીકી પેઢી ખાતે સંપૂર્ણ ધાર્મિક વિધિથી અસ્થિ વિસર્જનનું કાર્ય પૂર્ણ કરાશે. આ સંદર્ભે સ્વજનોના અસ્થિ વિદાય તથા શાંતિ પ્રાર્થના તા. ૯ જુનના રોજ સવારે ૯.૧૫ કલાકે સે-૩૦ અંતિમધામ ખાતે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. ભટ્ટ ભૂપેન્દ્રભાઈ ચંદ્રકાન્તભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. સોલંકી ગંગાબેન અનિલકુમાર, ઉ.વ. ૬૦